# 'વળામણાં' લઘુનવલની કૃતિલક્ષી સમીક્ષા

પાંડવ હિનાબેન પ્રવિણભાઈ

**સારાંશ**

પન્નાલાલ પટેલની નવલકથાઓ ઉચ્ચકક્ષાની રહી છે તેવી જ રીતે તેમની ટૂંકીવાર્તા એટલે કે નવલિકા વાંચકોને જકડી રાખે છે ,એટલું સુંદર -સચોટ વર્ણન પન્નાલાલ સિવાય કોઈ કરી શકવા સમર્થ નથી. નવલકથા અને ટૂંકીવાર્તાની વચ્ચે આવતું સ્વરુપે એટલે લઘુનવલ .પન્નાલાલની ઉત્તમ એવી કૃતિ' વળામણાં 'ગુજરાતી સાહિત્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે .

**ચાવીરુપ શબ્દો:** સામાજિક પરિવેશ, સંવાદો, પાત્રસૃષ્ટિ

## ૧. પ્રસ્તાવના

ખૂબ ઓછું ભણેલા છતાં પણ ગુજરાતી સાહિત્યને પોતાની કલમથી સમૃદ્ધ કરવામાં પન્નાલાલ પટેલ સફળ રહ્યા છે. જ્ઞાનપીઠ પુરસ્કૃત પન્નાલાલ ગુજરાતી સાહિત્યમાં એક અનોખું સ્થાન-માન ધરાવે છે. તેમણે નવલકથા,લઘુનવલ નવલિકા વગેરે જેવા સાહિત્ય સ્વરૂપને સમૃદ્ધ કર્યા છે. 'માનવીની ભવાઈ','મળેલા જીવ ','વળામણાં', જેવી ઉચ્ચ કોટિની નવલકથા વિશાળ ફલક પર લખી છે. એવી જ ઉત્તમ છે તેમની નવલિકાઓ. 'વાત્રકને કાંઠે',' સુખ દુઃખ ના સાથી',' એળે નહિ તો બેળે','સાચા શમણાં',' સાચી ગજીયાણીનું કાપડુ 'વગેરે માનવમનની વિડંબના વ્યક્ત કરતી નવલિકાઓ લખી છે.

## ૨. 'વળામણાં' લઘુનવલનું કથાવસ્તુ

'વળામણાં' શબ્દ નો અર્થ જોઈએ તો,'વળામણાં'એટલે દીકરીને સાસરે વળાવવી. પ્રસ્તુત લઘુનવલમાં પોતાના જ કુટુંબીજનોથી તિરસ્કૃત થયેલી ઝમકુને મનોર મુખી સ્વાર્થીપણાને લીધે ઝમકુને રાતોરાત સગેવગે કરી દેવાની વાત કરી છે. ઝમકુએ પ્રણયમાં નિષ્ફળ જાય છે, ત્યારે એ પોતાના પિયરમાં આવે છે. પરંતુ પિયરમાં તેને કોઈ  સંઘરવા માટે તૈયાર નથી.  મનોરમુખીએ ગામનો મુખી હોવાથી તે ઝમકુને લઈને અમદાવાદ કોઈકના હાથે વેચી નાખવાની યોજના બનાવે છે. પરંતુ નિર્દોષ  અને નિખાલસ ઝમકુમાં તેને પોતાની જ મૃત પુત્રી નાઠથીના દર્શન થાય છે. મનોર મુખી ઝમકુને પોતાની જ દીકરી હોય તેમ તેના 'વળામણાં' કરે છે. મનોર મુખી જેવા ગામના મુખી નું હૃદય પરિવર્તન કરાવવું અને એમના હાથે જ ઝમકુના વળામણાં કરવા એ આ કથાનુ મુખ્ય કથાવસ્તુ છે. આ પ્રસંગની સાથોસાથ બીજો પણ એક પ્રસંગ પન્નાલાલ પટેલે નિરૂપ્યો છે. ગામના મુખી મનોરદાને અંબા સુધારણ સાથે આડો સંબંધ છે આથી જ મનોરદા મુખી ઝમકુને  અંબા સુથારના પુત્ર મોતી સાથે ઝમકુને પરણાવે છે. નિર્દોષ  અને ભોળી , પરિવારથી તરછોડાયેલી ઝમકુના અંતે મનોર મુખીના હાથે વળામણાં થાય છે. અને એટલું જ નહીં, પરંતુ ઝમકુને સાચી ગજીયાણીનું કાપડુ અને પોતાની પુત્રી નાથીના ગવન-ઘાઘરો પણ તેને અપાવે છે. એ અર્થે જોતા કૃતિનો શીર્ષક 'વળામણાં' સાર્થક નીવડે છે.

### ૩. સામાજિક પરિવેશ

પન્નાલાલ પટેલે પોતાના સમયમાં અને પોતાના પ્રદેશમાં જીવતો સમાજ પોતાની કૃતિમાં ભારોભાર ઝીલે છે. પોતાના પ્રદેશની બોલીઓ, રીત રિવાજો, તે સમયનો સમાજ, સમાજના લોકોની રહેણી- કરણી વગેરે પન્નાલાલ પટેલે પાત્રો ના મુખે મુકાયેલ સંવાદ થકી છલકાય છે. ઝમકુ જેવી નિખાલસ બાળા પણ છે, તો મનોર મુખી જેવા ગામના આગેવાનો પણ આ કૃતિમાં સ્થાન પામ્યા છે. તેમજ વહેમ કે અંધશ્રદ્ધા માં જીવતા ગામલોકો પણ અહીં નિરૂપાયા છે.

### ૪. સંવાદો

પન્નાલાલ પટેલ પાત્ર પાત્ર વચ્ચે સંવાદો પ્રયોજીને જે તે પાત્રોની મનોસ્થિતિ પણ વ્યક્ત કરી શક્યા છે. મનોર મુખી જેવા ગામના આગેવાનો ગામની બેનું દીકરીઓને પડાવી લઇ અને શ્રીમંત થવાની ઇચ્છા રાખતા મનોર મુખી જેવા પાત્રો પણ અહીં સ્થાન જમાવે છે. મનોરમુખી અને તેમની પત્ની વચ્ચેના સંવાદોમાં બંને વચ્ચે રહેલો મતભેદ વર્તાય આવે છે.

### ૫. પાત્રસૃષ્ટિ

પન્નાલાલ પટેલની કૃતિ માં પાત્રો એકથી એક ચડિયાતા હોય છે. તેની જેમ જ અહીં પણ પાત્રસૃષ્ટિ જીવંત, તાજગીથી ભરપૂર, નાવીન્યતાવાળી છે. ઝમકુ જેવી પરિવારથી તિરસ્કૃત નારી પણ છે તો પતિનો પ્રેમ સાથ ન પામતી મનોરદાની પત્ની પણ છે. તો અંબા સુધારણ જેવી આડા સંબંધ રાખતી સ્ત્રી પાત્ર પણ છે. ઝમકુને પોતાની જ દીકરી માની નાથીના કપડાં પહેરાવી ઝમકુના વળામણા કરતો મનોરમુખી ખરેખર કૃતિમાં ઝળહળી ઊઠે છે.

### ૬. ઉપસંહાર

આમ ઉપરની વિવિધ વિગતો, અભ્યાસો પરથી આપણને કૃતિની સફળતાનો અણસાર આવી રહે છે. પન્નાલાલ પટેલ મોટા ગજાના નવલકથાકાર તરીકે સ્થાન પામ્યા છે ત્યારે તેમની પ્રસ્તુત લઘુનવલ 'વળામણાં' પણ ખરેખર અનન્ય કૃતિ ગણી શકાય.

### સંદર્ભસૂચિ

૧. પટેલ, પન્નાલાલ 'વળામણાં' લઘુનવલ